**બિડાણ :-** નાયબ સચિવ-વ-સભ્ય સચિવશ્રી, કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદના તા.૧૩/૦૭/૨૦૨૬ના પત્ર ક્રમાંક : કૃયુકા/હિસાબી/ તાલીમ/૩૮૮-૯૨/૨૦૨૬

**વિષય :-** **સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થાના તાલીમ કેલેન્ડર મુજબ તાલીમનુ આયોજન કરવા તથા તમામ અધિકારી / કર્મચારીઓને** iGOT Karmayogi પોર્ટલ / મોબાઈલ એપ પર નોંધણી (Registration) કરાવવા અંગે

---

જાનં.નકૃયુ/રજી/પી.એસ.ટુ આર/૫૪૩૦-૪૭૫/૨૦૨૬ તા:૧૭/૭/૨૦૨૬

**સામેલ : ઉપર મુજબ**

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારૂ.**

- નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની તમામ કચેરી/યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ સંદર્ભિત પત્ર મુજબ અમલ થવા સારુ.

**સમીર જોષી**
**નાયબ સચિવ-વ-સભ્ય સચિવ (કૃષિ યુનિ.)**


## ગુજરાત સરકાર
## કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ
કૃષિભવન, પોડીયમ લેવલ, સેકટર – ૧૦ એ
ગાંધીનગર – ૩૮૨૦૧૦


ફોન : ૦૭૯-૨૩૨૪૧૦૫૨, Email : saucouncil@gmail.com


જા.નં. કૃયુપ/હિસાબી/તાલીમ/૩π-૯૨/૨૦૨૬, તા. ૧૩/૦૭/૨૦૨૬

પ્રતિ,
કુલસચિવશ્રી,
કૃષિ યુનિવર્સિટી
મેઈન કેમ્પસ
**આણંદ / જુનાગઢ / નવસારી / સરદારકૃષિનગર દાંતીવાડા**

પ્રતિ,
કુલસચિવશ્રી,
ગુજરાત નેચરલ ફાર્મીંગ સાયન્સ યુનિવર્સિટી
ન્યુ કોર્ટની નજીક, પાવાગઢ રોડ
**હાલોલ – ૩૮૯૩૫૦**

વિષય : સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થાના તાલીમ કેલેન્ડર મુજબ તાલીમનું આયોજન કરવા તથા તમામ અધિકારી/કર્મચારીઓને iGOT Karmayogi પોર્ટલ / મોબાઇલ એપ પર નોંધણી (Registration) કરાવવા અંગે.

**સાહેબશ્રી,**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા **(SPIPA)** દ્વારા સરકારી સંસ્થાઓ/સ્વાયત્ત સંસ્થાઓ માટે વર્ષ દરમિયાન વિવિધ વિષયો અને ક્ષમતા નિર્માણ માટેના તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓમાં ફરજ બજાવતા કર્મચારીશ્રીઓ / અધિકારીશ્રીઓ દ્વારા કરવામાં આવતા કામકાજમાં સરકારશ્રીના નિયમો અંગેની જાણકારી સુનિશ્ચિત થાય તેમજ સરકારી કાર્ય પદ્ધતિમાં વધુ કુશળતા આવે / ગુણવત્તામાં વધારો થાય તેમજ રોજ-બરોજની કામગીરી ખુબ જ ઝડપ અને સરળતાથી કરી શકે તે હેતુથી તમામ સંવર્ગના અધિકારીઓ તેમજ કર્મચારીઓને દૈનિક કાર્યમાં ઉપયોગી નિવડે તે પ્રકારની તાલીમ મળી રહે તે અંગેનું આયોજન કરવું અત્યંત આવશ્યક જણાય છે.

આપની યુનિવર્સિટી હેઠળ સમાવિષ્ટ જરૂરીયાત મુજબના અધિકારીઓ/કર્મચારીઓ આ તાલીમોનો લાભ મેળવી શકે તે માટે SPIPA ની સત્તાવાર વેબસાઇટ (https://spipa.gujarat.gov.in) પરથી વાર્ષિક Training Calendar ડાઉનલોડ કરી તેમાં દર્શાવેલ તાલીમ શિડ્યુલ મુજબ યુનિવર્સિટીમાં ફરજ બજાવતા અધિકારીઓ/કર્મચારીશ્રીઓને જરૂરિયાત મુજબની તાલીમમાં ભાગ લઈ શકે તે માટે આપશ્રીની કક્ષાએથી આગોતરૂ આયોજન કરવા તેમજ સદરહું તાલીમમાં મોકલવા અંગે સરકારશ્રીના પ્રવર્તમાન નિતી નિયમો તેમજ નાણાંકિય જોગવાઇઓને આધિન કાર્યવાહી કરવા વિનંતી.

વધુમાં, ભારત સરકાર તથા રાજ્ય સરકારશ્રીના ડિજિટલ ક્ષમતા નિર્માણ અભિયાન અંતર્ગત તમામ સરકારી અને સ્વાયત્ત સંસ્થાઓના કર્મચારીઓ માટે **iGOT Karmayogi** પોર્ટલ / મોબાઇલ એપ કાર્યરત છે. તેમાં આપની યુનિવર્સિટી હસ્તકના તમામ સંશોધન કેન્દ્રો / શિક્ષણ સંસ્થાઓ / વિસ્તરણ શિક્ષણ કેન્દ્રો / કચેરીઓ ખાતે ફરજ બજાવતા તમામ અધિકારીઓ તેમજ કર્મચારીઓ પોતાના વ્યક્તિગત સ્તરે **iGOT Karmayogi** પોર્ટલ / મોબાઇલ એપ પર રજિસ્ટ્રેશન કરાવે તેમજ રજિસ્ટ્રેશન કર્યા બાદ પોતાની કેડર અને રૂચિ મુજબના e-learning કોર્સ પૂર્ણ કરે તે સુનિશ્ચિત કરવા જરૂરી પ્રોત્સાહન અને સૂચના આપવા અંગેની કામગીરી કરવા વિનંતી છે.

**નાયબ સચિવ-વ-સભ્ય સચિવ (કૃષિ યુનિ.)**

Circulate to all
PS to R
13/7/26

કુલસચિવ વિભાગ, ન.કૃ.યુ., નવસારી
ઈ.નં. ૯૨૦૧
14 JUL 2026
એડીએમ-૩ શાખા

13 JUL 2026